## APPENDIX E

ORIGINAL QUESTIONNAIRE
(In Gujarati)

ખાનગી

382

ફક્ત સંશોધન માટે

નવેમ્બર
૧૯૬૭

# તરુણોના અભ્યાસ માટેની પ્રશ્નાવલિ

આ પ્રશ્નાવલિ પી.એચ. ડી.ની
દવી માટે મહાનિબંધ તૈયાર
રવા વાપરવાની છે. આનો
ાઈએ ઉપયોગ કરવો નહિ.


માનસશાસ્ત્ર વિભાગ
ફેકલ્ટી ઑફ એજ્યુકેશન એન્ડ સાયકોલોજી,
મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી,
વડોદરા.

પ્રયોજક
ઈન્દુકુમાર ડી. ભ

# સામાન્ય સૂચના

૧. આ પુસ્તિકાની અંદર જુદા જુદા **વિભાગોમાં** તમને સ્પર્શતા કેટલાંક પ્રશ્નો પૂછવામાં આવ્યા છે.

૨. દરેક વિભાગમાં આપેલા પ્રશ્નોના જવાબો **કેવી રીતે આપવાના છે,** તે, જે તે વિભાગની શરૂઆતમાં સમજાવેલું છે.

૩. દરેક વિભાગમાં આપેલા **બધાજ પ્રશ્નોના જવાબ** તમારે આપવાના છે. કોઇ પણ પ્રશ્નનો જવાબ આપવો બાકી રાખશો નહીં.

૪. **ખરા કે ખોટા જવાબની** જરા પણ ચિંતા કરશો નહીં, તમને જે અનુકૂળ અને યોગ્ય લાગે તે જવાબ તમારા માટે ખરો.

૫ તમારું નામ કોઇ પણ જગ્યાએ લખવાનું નથી. તમારા બધા જ જવાબો **ખાનગી રાખવામાં આવશે,** માટે કોઇ પણ જાતના સંકોચ વગર તમારો ખરો અભિપ્રાય જણાવશો.

૬. તમને જો કોઈ બાબતની સમજણ ન પડે તો જરા પણ સંકોચ રાખ્યા વગર **નિરીક્ષકને પૂછો.**

૭. દરેક પ્રશ્નનો જવાબ **નિખાલસતાથી આપશો** તો તમે તમારી જાતને વધુ સારી રીતે સમજી શકશો. તમારા પ્રમાણિક જવાબો તમને અને તમારા જેવા અન્ય ભાઇ-બહેનોને તેમના પ્રશ્નો સમજવામાં ને તેમને મદદરૂપ થવામાં ઉપયોગી થઈ પડશે.

૮. આ તમારી **પરીક્ષા નથી.** આ તો યુવાન છોકરા છોકરીઓના માનસનો અભ્યાસ કરી તેમને મદદરૂપ થવા માટેની પ્રશ્નાવલિ છે.

૯. તમારા **સાચા અને પ્રમાણિકપણે** આપેલા જવાબો ઉપર જ આ સંશોધનની સફળતાનો આધાર છે.

**સહકાર બદલ આપનો આભાર**

શાળા કે કોલેજનું નામ ........................

| | |
|---|---|
| ધોરણ કે વર્ગ ........ | પિતાનું શિક્ષણ ........ |
| જાતિ (છોકરો/છોકરી) ........ | માતાનું શિક્ષણ ........ |
| ઉંમર વર્ષ (પૂરા) ........ | પિતાનો વ્યવસાય ........ |
| જ્ઞાતિ ........ | માતાનો વ્યવસાય ........ |
| ગામ કે શહેરનું નામ ........ | કુટુંબની માસિક આવક ........ |

## વિભાગ–૧

**સૂચના :—**

રેડિયો પરથી પ્રસારિત કરવામાં આવતા કેટલાક કાર્યક્રમોના પ્રકાર નીચે જણાવ્યા છે. આ પ્રકારના કાર્યક્રમો **તમે કેટલે અંશે (કેટલી વાર) સાંભળો છો,** એ યોગ્ય ખાનામાં ખરાનું (√) ચિન્હ કરી જણાવો. એક કાર્યક્રમના પ્રકાર માટે કોઈ પણ એક ખાનામાં જ ચિન્હ કરવાનું છે.

| | | કદિ નહિ | કોઇક વાર | ઘણી વાર | હંમેશા |
|---|---|---|---|---|---|
| ૧. | શાસ્ત્રીય સંગીતનો કાર્યક્રમ .. .. .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૨. | ચિત્રપટ સંગીત કે વાર્તા .. .. .. .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૩ | દેશ કે પરદેશનાં સમાચારો.. .. .. .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૪ | બાળકોના કાર્યક્રમો કે બાળસભા .. .. .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૫. | વિદ્યાર્થીઓ માટેના શૈક્ષણિક કાર્યક્રમો .. .. .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૬. | ગરબા કે ગીતો ... .. .. .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૭. | નેતા કે ઉચ્ચ વ્યક્તિનાં ભાષણો ... ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૮. | હાસ્યરસના કાર્યક્રમો ... ... ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૯. | ધાર્મિક કે ઐતિહાસિક કાર્યક્રમો ... .. ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૧૦. | રમતગમતની કોમેન્ટ્રી ... ... ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૧૧. | સામાજિક કે ઉપદેશાત્મક નાટકો ... ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૧૨. | સુગમ સંગીત કે સંગીત રૂપક ... ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૧૩. | માહિતી વાર્તાલાપ ... ... ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૧૪. | પ્રાશ્ચાત્ય સંગીત કે અંગ્રેજી ગાયનો ... ... ... | ☐ | ☐ | ☐ | ☐ |

## વિભાગ–૨

**સૂચનાં :—**

ચલચિત્રો (સીનેમા) કે નાટકો જુદા જુદા પ્રકારનાં હોય છે. દરેક ચલચિત્ર કે નાટક અમુક ખાસ વિષયને કે બાબતને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવે છે. ચલચિત્ર કે નાટકનો મુખ્ય વિષય (એનું વસ્તુ) ધ્યાનમાં લેતાં તેને કોઈ એક ચોક્કસ પ્રકારમાં મૂકી શકાય. નીચે ચલચિત્રો તથા નાટકોના કેટલાક પ્રકારો જણાવ્યા છે. આ પ્રકારના **ચલચિત્રો કે નાટકો તમે કેટલે અંશે (કેટલી વાર) જુઓ છો,** એ યોગ્ય ખાનામાં ખરાનું (√) ચિન્હ કરી જણાવો. એક પ્રકાર માટે કોઈપણ એક ખાનામાંજ ચિન્હ કરવાનું છે.

| | | કદિ નહિ | કોઇક વાર | ઘણી વાર | હંમેશાં |
|---|---|---|---|---|---|
| ૧. | સામાજિક .. .. .. .. .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૨. | પ્રણય કે પ્રેમ.. ... .. .. .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૩. | સમાચાર કે માહિતી .. .. .. .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૪ | સાહસિક, જાસૂસી કે મારામારી .. .. .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૫. | ધાર્મિક કે ઐતિહાસિક .. .. .. .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૬ | પ્રખ્યાત ગાયનો કે નાચગાન .. .. .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૭. | વૈજ્ઞાનિક .. .. .. .. .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૮. | રમૂજી કે હાસ્યરસ .. .. .. .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૯. | વાસ્તવિક કે નૈસર્ગિક .. .. .. .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૧૦. | "રોક એન્ડ રોલ" કે "ટ્વીસ્ટ" .. .. .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૧૧. | દેશભક્તિ .. .. .. .. .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૧૨. | બાળચિત્રો .. .. .. .. .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૧૩. | શૈક્ષણિક .. .. .. .. .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૧૪. | જાતીયવૃત્તિ કે "સેકસ" .. .. .. .. | ☐ | ☐ | ☐ | ☐ |

## વિભાગ—૩

**સૂચના :—**

તમારાં ભણવાના પુસ્તકો સિવાય બીજાં ઘણાં પુસ્તકો, સાપ્તાહિકો, પખવાડિકો, માસિકો કે દૈનિક વર્તમાનપત્રો તમે વાંચતા હશો. આ બધામાં જુદા જુદા વિષયોનું અને ઘણા પ્રકારનું લખાણ હોય છે આવા જ કેટલાક વિષયોના પ્રકાર નીચે જણાવ્યા છે. આ વિષયોને લગતું વાંચન કે આવા પ્રકારનું વાંચન **તમે કેટલે અંશે કરો છો** (કેટલીવાર વાંચો છો) એ યોગ્ય ખાનામાં ખરાનું (✓) ચિન્હ કરી જણાવો. એક વિષય માટે કોઈપણ એક ખાનામાં જ ચિન્હ કરવાનું છે.

| | | કદિ નહિ | કોઈકવાર | ઘણીવાર | હંમેશા |
|---|---|---|---|---|---|
| ૧. | ઐતિહાસિક, ધાર્મિક કે તત્ત્વજ્ઞાન ... ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૨. | સાહસિક, જાદુઈ કે જાસૂસી ... ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૩. | આત્મકથા કે જીવનચરિત્ર ... ... ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૪. | સિનેમા કે કલાકાર વિષે ... .. ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૫. | વિજ્ઞાનને લગતું ... ... ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૬. | હાસ્યરસ કે રમૂજી ... ... ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૭. | ગુજરાતી સાહિત્ય કે માહિતી લેખો ... ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૮. | બાળવાર્તા કે પરીકથાઓ ... ... ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૯. | કવિતા, નાટક કે નિબંધ ... ... ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૧૦ | રમતગમત કે ખેલાડી બાબત... ... ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૧૧. | સાચા પ્રસંગો કે સત્ય ઘટના... ... ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૧૨. | ચિત્રવાર્તા કે કાર્ટૂન ... ... ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૧૩. | સમાચાર કે સુવાક્યો ... ... ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૧૪. | જાહેર ખબરો કે ફેશન બાબત ... ... ... | ☐ | ☐ | ☐ | ☐ |

## વિભાગ—૪

**સૂચના :—**

દરેક યુવાન કે યુવતી પોતાના રસ કે અભિરુચિ પ્રમાણે કોઈકને કોઈક પ્રવૃત્તિ કરતા જ હોય છે. તમે પણ તમને ગમતી કેટલીક પ્રવૃત્તિઓ કરતાં હશો. નીચે આવી કેટલીક પ્રવૃત્તિઓ જણાવી છે. **આ પ્રવૃત્તિઓ તમે કેટલે અંશે (કેટલીવાર) કરો છો** એ યોગ્ય ખાનામાં ખરાનું (✓) ચિન્હ કરી જણાવો. એક પ્રવૃત્તિ માટે કોઈપણ એક જ ખાનામાં ચિન્હ કરવાનું છે.

| | | કદિ નહિ | કોઈકવાર | ઘણીવાર | હંમેશા |
|---|---|---|---|---|---|
| ૧. | વિજ્ઞાનનાં સાધનો બનાવો કે સમારો છો? ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૨ | તમારા રૂમની કે ઘરની સફાઈ કરો છો? ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૩. | ચિત્રકામ, નેતરકામ, શિલ્પકામ કે માટીકામ કરો છો? ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૪. | એન.સી.સી., એ.સી.સી. કે સ્કાઉટની શિબિરમાં જાઓ છો? ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૫. | વાર્તા, કવિતા, નાટક કે લેખ લખો છો? ... .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૬. | કસરતના, રમતના કે સરકસના પ્રયોગો જોવા જાઓ છો? ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૭. | નાટક, નૃત્ય, રાસ કે ગરબામાં ભાગ લો છો? ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૮. | સિનેમા, નાટક કે બીજા કાર્યક્રમો જોવા જાઓ છો? ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૯. | ભાષણ કે વકતૃત્વ હરીફાઈમાં ભાગ લો છો? ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૧૦. | મિત્રો જોડે ગપ્પાં મારવા કે ફરવા જાઓ છો? ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૧૧. | સંગીત ગાવામાં કે વગાડવામાં ભાગ લો છો? ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૧૨. | તમારા વાળ, કપડાં કે મોઢાને શણગારો છો? ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૧૩. | રમત-ગમત કે કસરતની હરીફાઈમાં ભાગ લો છો? ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૧૪. | ભાઈ-બહેનની સંભાળ કે ઘરકામ કરો છો? ... ... | ☐ | ☐ | ☐ | ☐ |

# વિભાગ–૫

સૂચના :—

તમે ઘણી બાબતના વિચાર કરતા હશો, અને જુદા જુદા વિષયની ચર્ચા કે વાતચીત પણ કરતા હશો. સામાન્ય રીતે તમે વિચારતા હો અને ચર્ચા કે વાતચીત કરતા હો એવા કેટલાક વિષયો કે બાબતો નીચે જણાવી છે. આ બાબતોની કે વિષયોને લગતી **ચર્ચા, વાતચીત કે વિચાર તમે કેટલે અંશે ( કેટલીવાર ) કરો છો,** એ યોગ્ય ખાનામાં ખરાનું ( √ ) ચિન્હ કરી જણાવો એક વિષય માટે કોઇપણ એકજ ખાનામાં ચિન્હ કરવાનું છે.

| | | કદિ નહિ | કોઇક વાર | ઘણી વાર | હંમેશા |
|---|---|---|---|---|---|
| ૧. | ભવિષ્યના શિક્ષણ કે વ્યવસાય બાબત ... ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૨. | રમત-ગમત કે ખેલાડી વિષે... ... ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૩. | હાલનું ભણતર કે પરિક્ષા વિષે ... ... .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૪. | સિનેમા, નાટક કે ગાયનો બાબત ... ... .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૫. | જિંદગીમાં શું વધુ મહત્ત્વનું છે એ વિષે... ... .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૬. | કલાકાર, એકટર કે એક્ટ્રેસ વિષે ... ... .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૭. | વિજ્ઞાન અને પ્રગતિની વાતો ... .. .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૮. | તમારા કે બીજાના દેખાવ, કપડાં કે ફેશન વિષે ... .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૯. | દેશમાં કે દુનિયામાં ચાલતા લડાઈ ઝગડા વિષે ... .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૧૦. | સ્કૂલ, કોલેજની નવાજૂની કે શિક્ષકો વિષે ... .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૧૧. | પરદેશ સાથેના આપણા સંબંધો બાબત ... .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૧૨. | મિત્રો, બીજા છોકરાઓ કે છોકરીઓ વિષે ... .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૧૩. | આપણા દેશના કે દુનિયાના નેતાઓ વિષે ... .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૧૪. | પોતાના ગામ કે શહેરની નવાજૂની ... ... .. | ☐ | ☐ | ☐ | ☐ |

# વિભાગ–૬

સૂચના :—

તમારી અભ્યાસ કરવાની તથા વાંચવાની પદ્ધતિ, રીત કે ટેવને લગતા કેટલાક પ્રશ્નો નીચે આપ્યા છે. એમાં અભ્યાસની જુદી જુદી પદ્ધતિઓ જણાવી છે. આ પદ્ધતિનો **તમે કેટલે અંશે ( કેટલીવાર ) ઉપયોગ કરો છો,** એ યોગ્ય ખાનામાં ખરાનુ ( √ ) ચિન્હ કરી જણાવો. એક પ્રશ્ન માટે કોઇપણ એકજ ખાનામાં ચિન્હ કરવાનું છે.

| | | કદિ નહિ | કોઇક વાર | ઘણી વાર | હંમેશા |
|---|---|---|---|---|---|
| ૧. | તમે પરિક્ષા વખતે મળતા અગત્યના પ્રશ્નો કે સૂચનો ઉપર આધાર રાખો છો ? | ☐ | ☐ | ☐ | ☐ |
| ૨ | ઘેર અભ્યાસ કરવા ટાઇમિટેબલ બનાવો છો ? ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૩. | વાંચતી વખતે અગત્યના મુદ્દાની નોંધ લઇ, સારાંશ લખી જાઓ છો ? | ☐ | ☐ | ☐ | ☐ |
| ૪. | તમે પાઠ્યપુસ્તક કરતાં વિવરણ (ગાઇડ) વાંચવાનું પસંદ કરો છો ? | ☐ | ☐ | ☐ | ☐ |
| ૫. | નવા શબ્દોનો અર્થ જાણવા શબ્દકોષનો ઉપયોગ કરો છો ? ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૬. | થોડું વાંચ્યા બાદ એને બરાબર સમજીને પછી આગળ વાંચો છો ? | ☐ | ☐ | ☐ | ☐ |
| ૭. | તમે વાંચતા હો ત્યારે તમારું ધ્યાન બહાર જાય છે ? ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૮. | જે વિષયો તમને ગમતા નથી કે આવડતા નથી તેનો ઘેર અભ્યાસ કરો છો ? | ☐ | ☐ | ☐ | ☐ |
| ૯ | એકજ દિવસે બે-ત્રણ વિષયોનું વાંચન કરો છો ? ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૧૦. | એક વાર વાંચ્યા બાદ એને ફરીથી વાંચી જાઓ છો ? ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૧૧ | તમે વાંચેલું ગોખી જાઓ છો ? ... ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૧૨. | વાંચેલું યાદ રાખવાનો પૂરેપૂરો પ્રયત્ન કરો છો ? ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૧૩. | અભ્યાસમાં કોઈનું માર્ગદર્શન લઇ કોઇ સાથે એની ચર્ચા કરો છો ? | ☐ | ☐ | ☐ | ☐ |
| ૧૪. | તમે સતત (એક સાથે) લાંબા સમય સુધી (૪ થી ૫ કલાક) વાંચવાનું ચાલુ રાખો છો ? ... ... ... ... .. | ☐ | ☐ | ☐ | ☐ |

# વિભાગ–૭

**સૂચના :—**

તમારી રોજિંદી પ્રવૃત્તિઓની બાબતમાં તમે પોતેજ બધું નક્કી કરો છો અને તમારી મરજી પ્રમાણે બધું કરો છો કે તમારા માતા-પિતા કે વડીલ બધું નક્કી કરે છે અને એમની મરજી પ્રમાણે તમે બધું કરો છો, એ જાણવા નીચે કેટલીક રોજિંદી પ્રવૃત્તિઓ જણાવી છે. આ પ્રવૃત્તિઓની બાબતમાં **તમારી મરજી પ્રમાણે કેટલે અંશે (કેટલીવાર) નક્કી કરો છો,** તે યોગ્ય ખાનામાં ખરાનું (√)ચિન્હ કરી જણાવો. એક પ્રવૃત્તિ માટે કોઈપણ એકજ ખાનામાં ચિન્હ કરવાનું છે.

| | કદિ નહિ | કોઈકવાર | ઘણીવાર | હંમેશા |
|---|---|---|---|---|
| ૧. નિશાળ કે કોલેજથી ઘેર ગયા બાદ શું કરવું એ તમે નક્કી કરો છો ? ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૨. અભ્યાસ ક્યારે અને કેટલો સમય કરવો એ તમે નક્કી કરો છો ? ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૩. કેવાં કપડાં સિવડાવવા ને ક્યારે કેવાં કપડાં પહેરવાં તે તમે નક્કી કરો છો ? | ☐ | ☐ | ☐ | ☐ |
| ૪. સવારે કયારે ઊઠવું ને રાત્રે કયારે સૂઈ જવું એ તમે નક્કી કરો છો ? | ☐ | ☐ | ☐ | ☐ |
| ૫. હાથખર્ચના (પાસેના) પૈસા કેમ વાપરવા એ તમે નક્કી કરો છો ? ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૬. ઘરમાંના સાધનો (રેડિયો, પંખો. સાયકલ, ઈસ્ત્રી વી.) કયારે અને કેમ વાપરવા એ તમે નક્કી કરો છો ? ... ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૭ કોઇ મંડળમાં કે 'કલબ'માં જોડાવું કે નહીં એ તમે નક્કી કરો છો ? ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૮. રાત્રે ફરવા જવું કે નહીં અને રાત્રે કયારે ઘરમાં પાછા આવવું એ તમે નક્કી કરો છો ? ... ... ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૯. કોની જોડે મિત્રતા રાખવી અને હરવું-ફરવું એ તમે નક્કી કરો છો ? | ☐ | ☐ | ☐ | ☐ |
| ૧૦. તમારે શું ખાવું અને શું ન ખાવું એ તમે નક્કી કરો છો ? ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૧૧. સિનેમા, 'પિકનીક' કે કાર્યક્રમમાં જવાનું તમે નક્કી કરો છો ? ... | ☐ | ☐ | ☐ | ☐ |

# વિભાગ–૮

**સૂચના :—**

ભૂલ કે તોફાન માટે કરવામાં આવતી શિક્ષાનાં કેટલાક પ્રકાર નીચે જણાવ્યા છે. જો તમારાથી કોઇ ભૂલ થાય, તોફાન કરો, કોઈ ખોટું કાર્ય થાય કે ઘરના વડીલોને ન ગમતું કાંઈ તમે કરો તો આ પ્રકારની શિક્ષા **તમને કેટલે અંશે (કેટલીવાર) કરવામાં આવે છે,** તે યોગ્ય ખાનામાં ખરાનું (√) ચિન્હ કરી જણાવો. એક પ્રકાર માટે કોઇપણ એકજ ખાનામાં ચિન્હ કરવાનું છે.

| | કદિ નહિ | કોઈકવાર | ઘણીવાર | હંમેશા |
|---|---|---|---|---|
| ૧. મારવું ... ... ... ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૨. ઘર બહાર ન જવા દેવું ... ... ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૩. ગુસ્સે થવું કે ખિજવાવું ... ... ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૪. ખાવા ન આપવું ... ... ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૫. ઘરનાં સાધનો વાપરવા ન આપવા ... ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૬. લડવું, ધમકાવવું કે ભાષણ સંભળાવવું ... ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૭. સૂઈ જવા માટે કહેવું .. .. .. .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૮. ઘરના બધાંએ બોલવાનું બંધ કરવું .. .. .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૯. ફરીવાર ભૂલ ન થાય એ સમજાવવું .. .. .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૧૦. કાન કે અંગૂઠા પકડાવવા કે હાથપગ બાંધી દેવા .. .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૧૧. હાથખર્ચના પૈસા આપવા બંધ કરવા .. .. .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૧૨. ભૂલ કબૂલાવી શિખામણ આપવી .. .. .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૧૩. રૂમમાં પૂરી દેવું.. .. .. .. .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૧૪. સિનેમા, નાટક, સરકસ કે કાર્યક્રમ જોવા ન જવા દેવું .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૧૫. માફી મંગાવી જવા દેવું .. .. .. .. | ☐ | ☐ | ☐ | ☐ |

# વિભાગ–૯

**સૂચના :—**

આપણે અમુક પ્રકારની લાગણીઓ જુદા જુદા સ્થળે ઓછા-વત્તા પ્રમાણમાં અનુભવીએ છીએ. તમે જુદા જુદા ત્રણ સ્થળે (ઘરમાં, શાળાકે કોલેજમાં, અને મિત્રોના જુથમાં) અમુક પ્રકારની લાગણી કેટલે અંશે (કેટલીવાર) અનુભવો છો એ જાણવા નીચે કેટલાક વિધાનો આપ્યા છે વિધાન વાંચો અને પહેલા એ જણાવો કે, તમને આ પ્રકારની લાગણી, **ઘરમાં હો ત્યારે** કેટલે અંશે થાય છે. ત્યારબાદ એ જણાવો કે, આજ પ્રકારની લાગણી, **તમે શાળા કે કોલેજમાં હો ત્યારે** કેટલે અંશે થાય છે. પછી એ જણાવો કે તમને આજ પ્રકારની લાગણી, **મિત્રોના જૂથમાં (મિત્રો સાથે) હો ત્યારે** કેટલે અંશે થાય છે. ટૂંકમાં દરેક વિધાન વાંચી, આ પ્રકારની લાગણી તમે જુદા જુદા સ્થળે કેટલે અંશે અનુભવો છો તે, ત્રણે સ્થળની સામે યોગ્ય ખાનામાં ખરાનું (√) ચિન્હ કરી જણાવો.

| | કદિ નહિ | કોઈકવાર | ઘણીવાર | હંમેશા |
|---|---|---|---|---|
| ૧. હુ કંટાળો અનુભવુ છું અને સાથે સાથે કાંઇક નવું કરવાની મને ઇચ્છા થાય છે. | | | | |
| (ક) ઘરમાં હોઉં છું ત્યારે... ... ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| (ખ) શાળા કે કોલેજમાં હોઉં છું ત્યારે ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| (ગ) મિત્રોના જૂથમાં હોઉં છું ત્યારે ... ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૨. ઘણી ખરી બાબતો હું મારી જાતે કરી શકું તે માટેની તક મને મળે છે. | | | | |
| (ક) ઘરમાં હોઉં છું ત્યારે ... ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| (ખ) શાળા કે કોલેજમાં હોઉં છું ત્યારે ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| (ગ) મિત્રોના જૂથમાં હોઉં છું ત્યારે ... ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૩ કોઈપણ કાર્યનું વધુ સારું પરિણામ લાવવા માટે બીજાઓ કરતાં વધારે મહેનત કરવાનું મને મન થાય છે. | | | | |
| (ક) ઘરમાં હોઉં છું ત્યારે... ... ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| (ખ) શાળા કે કોલેજમાં હોઉં છું ત્યારે ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| (ગ) મિત્રોના જૂથમાં હોઉં છું ત્યારે ... ... .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૪. મારે શું કરવું જોઈએ અને શું ન કરવું જોઇએ એ વિષે સ્પષ્ટ જાણવાની મને ઇચ્છા થાય છે. | | | | |
| (ક) ઘરમાં હોઉં છું ત્યારે ... ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| (ખ) શાળા કે કોલેજમાં હોઉં છું ત્યારે ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| (ગ) મિત્રોના જૂથમાં હોઉં છું ત્યારે .. ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૫. હું કાંઇક કરવાનો પ્રયત્ન કરું છું પણ તે પ્રમાણે ન થતાં મને દુઃખ થાય છે. | | | | |
| (ક) ઘરમાં હોઉ છું ત્યારે .. ... .. .. | ☐ | ☐ | ☐ | ☐ |
| (ખ) શાળા કે કોલેજમાં હોઉં છું ત્યારે ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| (ગ) મિત્રોના જૂથમાં હોઉં છું ત્યારે .. ... .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૬. હું હોંશિયાર અને ચપળ છું એવું મારા મિત્રો જાણે એવી મને ઇચ્છા થાય છે. | | | | |
| (ક) ઘરમાં હોઉં છું ત્યારે .. .. ... | ☐ | ☐ | ☐ | ☐ |
| (ખ) શાળા કે કોલેજમાં હોઉં છું ત્યારે ... .. | ☐ | ☐ | ☐ | ☐ |
| (ગ) મિત્રોના જૂથમાં હોઉં છું ત્યારે ... ... ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૭. મારા વિચારો પ્રત્યે બીજાઓ ધ્યાન આપે એ બાબત મારે મન અગત્યની છે. | | | | |
| (ક) ઘરમાં હોઉં છું ત્યારે ... .. .. | ☐ | ☐ | ☐ | ☐ |
| (ખ) શાળા કે કોલેજમાં હોઉં છું ત્યારે .. .. | ☐ | ☐ | ☐ | ☐ |
| (ગ) મિત્રોના જૂથમાં હોઉં છું ત્યારે .. .. .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૮. મારે વધુ મિત્રો હોવા જોઇએ એવું મને લાગે છે. | | | | |
| (ક) ઘરમાં હોઉં છું ત્યારે .. .. .. | ☐ | ☐ | ☐ | ☐ |
| (ખ) શાળા કે કોલેજમાં હોઉં છું ત્યારે .. .. | ☐ | ☐ | ☐ | ☐ |
| (ગ) મિત્રોના જૂથમાં હોઉં છું ત્યારે ,. .. .. | ☐ | ☐ | ☐ | ☐ |

# વિભાગ—૧૦

**સૂચના :—**

દરેક છોકરા કે છોકરીને કોઈ બાબતની ફીકર, ચિંતા કે મુંઝવણ થતી હોય છે. આવી જ કેટલીક બાબતો નીચે જણાવી છે. આ બાબતની તમને કેટલે અંશે **ફીકર, ચિંતા કે મૂંઝવણ થાય છે,** તે યોગ્ય ખાનામાં ખરાનું ( ✓ ) ચિહ્ન કરી જણાવો.

| | કદિ નહિ | કોઈક વ ર | ઘણીવાર | હંમેશા |
|---|---|---|---|---|
| ૧. તમને શારીરિક તંદુરસ્તીની ચિંતા થાય છે ? .. .. <br>( જેવી કે ભૂખ, ઊંઘ, આરામ, હવા-ઉજાસ, સ્વચ્છતા, માંદગી, અકસ્માત, વગેરે ) | ☐ | ☐ | ☐ | ☐ |
| ૨. તમને પ્રેમ કે ચાહનાની મૂંઝવણ થાય છે ? .. .. <br>( જેવી કે પ્રેમ કરવો, છોકરા-છોકરીઓને મિત્ર બનાવવા અને આકર્ષવા વગેરે ) | ☐ | ☐ | ☐ | ☐ |
| ૩. તમને ઘર, કુટુંબ કે પૈસાની ચિંતા થાય છે ? .. .. <br>( જેવી કે કુટુંબની સ્થિતિ, માંદગી, જવાબદારી, પૈસા મેળવવા વગેરે ) | ☐ | ☐ | ☐ | ☐ |
| ૪. તમને માનસિક તંદુરસ્તીની ચિંતા થાય છે ? .. .. <br>( જેવી કે બીક, થાક, આત્મવિશ્વાસ, હિંમત, યાદશક્તિ વગેરે ) | ☐ | ☐ | ☐ | ☐ |
| ૫. તમને હાલના અભ્યાસની મૂંઝવણ થાય છે ? .. .. <br>( જેવી કે ભણવું, પાસ થવું, વાંચવું, પુસ્તકો, સમય, વિષયો, જગ્યા વગેરે ) | ☐ | ☐ | ☐ | ☐ |
| ૬. તમને આનંદ-પ્રમોદ મેળવવાની ચિંતા થાય છે ? .. .. <br>( જેવી કે રમતગમત, રંજનપ્રવૃત્તિઓ, સિનેમા, વ્યવસ્થા, સાધનો, વગેરે ) | ☐ | ☐ | ☐ | ☐ |
| ૭. તમને તમારા દેખાવની કે રીતભાતની ચિંતા થાય છે ? .. <br>( જેવી કે વર્ણ, અવાજ, કપડાં, વાળ, વિનય, વિવેક, સભ્યતા વગેરે ) | ☐ | ☐ | ☐ | ☐ |
| ૮. તમને તમારા ભાવિ જીવનની (ભવિષ્યની) ચિંતા થાય છે ? .. <br>( જેવી કે ભણતર, વ્યવસાય, લગ્ન, સંસાર વગેરે ) | ☐ | ☐ | ☐ | ☐ |
| ૯. તમને દેશ કે દુનિયાની ચિંતા થાય છે ? .. .. .. <br>( જેવી કે મોંઘવારી, લડાઈ, ઝગડા, કુદરતી આફતો, પરદેશના સંબંધો વગેરે ) | ☐ | ☐ | ☐ | ☐ |
| ૧૦. તમને શાળા/કોલેજ કે સમાજની પરિસ્થિતિઓ ને અનુરૂપ થવામાં મૂંઝવણ થાય છે ? .. .. .. .. .. <br>( જેવી કે નિયમો, રીતરિવાજ, સંબંધો, નવું વાતાવરણ વગેરે ) | ☐ | ☐ | ☐ | ☐ |

# વિભાગ—૧૧

**સૂચના :—**

તમને અને તમારા મિત્રોને કોઇ મંડળ (કલબ) સ્થાપવાનો વિચાર આવે તે વખતે મંડળ કેવું હોવું જોઇએ અને એની પ્રવૃત્તિઓ કેવા પ્રકારની હોવી જોઇએ એ વિશેના કેટલાક ખ્યાલો તમારા મનમાં હોય છે. નીચે આવીજ કેટલીક પ્રવૃત્તિઓના પ્રકાર આપ્યા છે. **આ પ્રવૃત્તિઓ મંડળની કાર્યવાહીમાં** કેટલે અંશે (કેટલીવાર) હોવી જોઇએ તે યોગ્ય ખાનામાં ખરાનું (√) ચિન્હ કરી જણાવો.

| | કદિ નહિ | કોઈકવાર | ઘણીવાર | હંમેશા |
|---|---|---|---|---|
| ૧. સામાજિક પ્રવૃત્તિઓ .. .. .. .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૨. રમતગમતો કે હરીફાઈ .. .. .. .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૩. પર્યટન, પ્રવાસ કે ઉજાણી .. .. .. .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૪. સાહિત્ય કે કલા વિષયક .. .. .. .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૫. શૈક્ષણિક પ્રવૃત્તિઓ .. .. .. .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૬. ધાર્મિક પ્રવૃત્તિઓ .. .. .. .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૭. સેવા કે મદદ કાર્યો .. .. .. .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૮. મંડળનાં વિકાસ કાર્યો .. .. .. .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૯. ગરબા, રાસ, નાટક કે આનંદમેળો .. .. .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૧૦. વિદ્યાર્થીઓને સલાહ, સૂચન અને માર્ગદર્શન આપવાનું કાર્ય .. | ☐ | ☐ | ☐ | ☐ |

**સૂચના :—**

નીચે મંડળની કાર્યપદ્ધતિને લગતા કેટલાક પ્રશ્નો આપ્યા છે તેનો **માગ્યા પ્રમાણે યોગ્ય જવાબ આપો.**

પ્રશ્ન ૧. તમને લાગે છે કે મંડળમાં **છોકરા અને છોકરીઓ** બન્ને હોવા જોઇએ ? ... **હા** ☐ ના ☐

તમારા હા કે ના, ના જવાબ માટે કારણો આપો :

કારણ ૧ : ____________________

કારણ ૨ : ____________________

કારણ ૩ : ____________________

પ્રશ્ન ૨. મંડળમાં સભ્યોની **સંખ્યા** વધુમાં વધુ કેટલી **હોવી** જોઇએ ? ____________________

પ્રશ્ન ૩. મંડળનાં સભ્યોની **ઉંમર** આશરે કેટલી હોવી જોઇએ ? ____________________

પ્રશ્ન ૪. **મંડળમાં કે મિત્રોના જૂથમાં કોઈ પ્રશ્ન કે પ્રવૃત્તિ વિશે નિર્ણય** કેવી રીતે લેવો જોઇએ તે કોઈ **એક રીત** આગળ ખરાનું (√) ચિન્હ કરી જણાવો :

(૧) નેતાએ નિર્ણય કરવો.
(૨) બધાએ ભેગા મળી નિર્ણય કરવો
(૩) બહારનાં માણસોની સલાહ લઈ નિર્ણય કરવો
(૪) કોઈ ચોકકસ નિર્ણય ન લેવો અને મુલત્વી રાખવું.

પ્રશ્ન ૫. એક મંડળને બીજા મંડળ સાથે મડાગાંઠ પડે કે તકરાર (સંઘર્ષ) **થાય તો તેનો ઉકેલ** કેવી રીતે **લાવવો** જોઇએ તે કોઈ **એક રીત** આગળ ખરાનું (√) ચિન્હ કરી જણાવો.

(૧) પરસ્પર ભેગા મળી સમજાવટથી
(૨) મારામારી કે લડાઈ ઝગડાથી
(૩) સંબંધ તોડી, ઝગડા પ્રત્યે ધ્યાન ન આપવું
(૪) પોતાની વસ્તુ કે વિચાર જતા કરીને

## વિભાગ—૧૨

**સૂચના :—**

**નીચે** કેટલીક ક્રિયાઓ આપી છે. એક પછી એક ક્રિયા વાંચો, પછી એ વાંચવાથી સામે જણાવેલી વ્યકિતઓમાંથી કઈ વ્યકિત **તમને યાદ આવે છે**, કોને માટે એ ક્રિયા યોગ્ય છે કે એ ક્રિયા કોને લાગુ પડે છે તે **યોગ્ય વ્યકિતના ખાનામાં** ખરાનું (√) ચિન્હ કરી જણાવો. એક ક્રિયા માટે કોઇ પણ એકજ ખાનામાં ચિન્હ કરવાનું છે.

| | માતા | પિતા | શિક્ષક | મિત્ર |
|---|---|---|---|---|
| ૧. હસવું કે હસાવવું .. .. .. .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૨. ધમકી આપવી કે બીક બતાવવી .. .. .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૩. ભણાવવું, લખાવવું કે વંચાવવું .. .. .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૪. વખાણ કરવા કે શાબાશી આપવી .. ... .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૫. દરેક વાતમાં ના પાડવી .. .. .. .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૬. સમજણ પાડવી .. .. .. .. | ☐ | ☐ | ☐ | ☐ |
| ૭. રમવું કે હરવું-ફરવું .. .. .. ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૮. શિક્ષા કરવી કે મારવું .. .. .. ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૯. મદદ કરવી કે મુશ્કેલી દૂર કરવી ... .. ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૧૦. વાતો કરવી કે સાંભળવી .. .. .. ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૧૧. લડવું કે ગુસ્સે થવું .. .. .. ... | ☐ | ☐ | ☐ | ☐ |
| ૧૨. શિખામણ આપવી .. .. .. ... | ☐ | ☐ | ☐ | ☐ |

## વિભાગ—૧૩

**સૂચના :—**

તમે ઘણા વિષયો ભણ્યા છો અને હાલમાં ઘણા વિષયો ભણી રહ્યા છો. આમાંનાજ કેટલાક વિષયો નીચે જણાવ્યા છે. આ વિષયો માટેનો તમારો સાચો અભિપ્રાય શો છે તે જણાવો. (ક) પહેલાં એ જણાવો કે એ વિષય ભણવામાં ને એનો અભ્યાસ કરવામાં **તમને રસ પડે છે કે કંટાળો આવે છે.** (ખ) ત્યારબાદ એ જણાવો કે એ વિષય **તમને ભવિષ્યમાં કોઈ રીતે ઉપયોગી થશે કે નહીં**. તમારે દરેક વિષય માટે બે ખરાનાં (√) ચિન્હ કરવાનાં છે. (ક) એક ચિન્હ વિષયની આગળના ખાનામાં તમારો રસ જણાવવા (ખ) બીજું ચિન્હ એ વિષયની પાછળનાં ખાનામાં એની ઉપયોગીતા જણાવવા.

| (ક) વિષય માટેનો રસ | | | વિષયનું નામ | (ખ) વિષયની ઉપયોગિતા | | |
|---|---|---|---|---|---|---|
| કંટાળો આવે છે | અનિશ્ચિત | રસ પડે છે | | ઉપયોગી નથી | અનિશ્ચિત | ઉપયોગી છે |
| ☐ | ☐ | ☐ | ગુજરાતી | ☐ | ☐ | ☐ |
| ☐ | ☐ | ☐ | કસરત કે પી.ટી. | ☐ | ☐ | ☐ |
| ☐ | ☐ | ☐ | અંગ્રેજી | ☐ | ☐ | ☐ |
| ☐ | ☐ | ☐ | રમત–ગમત | ☐ | ☐ | ☐ |
| ☐ | ☐ | ☐ | હિંદી | ☐ | ☐ | ☐ |
| ☐ | ☐ | ☐ | એ સી સી કે એન.સી સી. | ☐ | ☐ | ☐ |
| ☐ | ☐ | ☐ | સંસ્કૃત | ☐ | ☐ | ☐ |
| ☐ | ☐ | ☐ | ચિત્રકળા કે સંગીત | ☐ | ☐ | ☐ |
| ☐ | ☐ | ☐ | સમાજવિદ્યા | ☐ | ☐ | ☐ |
| ☐ | ☐ | ☐ | સીવણ કે ઉદ્યોગ | ☐ | ☐ | ☐ |
| ☐ | ☐ | ☐ | વિજ્ઞાન | ☐ | ☐ | ☐ |
| ☐ | ☐ | ☐ | ગણિતશાસ્ત્ર | ☐ | ☐ | ☐ |

# વિભાગ–૧૪

સૂચના :—

વિદ્યાર્થીઓનાં જૂથો ઘણીવાર અસામાજિક પ્રવૃત્તિઓ જેવી કે હડતાલ, તોફાન, ભાંગફોડ વગેરેમાં સંડોવાય છે. હાલમાં આવાં તોફાનો વધી ગયાં છે. વિદ્યાર્થીઓનાં આવાં તોફાનો પાછળ ઘણાં કારણો રહેલાં હોય છે. આવાંજ કેટલાંક કારણો નીચે આપ્યાં છે. દરેક કારણ ધ્યાનપૂર્વક વાંચીને, તે **વિદ્યાર્થીઓની તોફાની પ્રવૃત્તિઓ માટે કેટલે અંશે જવાબદાર છે,** તે યોગ્ય ખાનામાં ખરાનું (✓) ચિન્હ કરી જણાવો.

| | | બિલકુલ નહીં | થોડેઘણે અંશે | મોટે ભાગે |
|---|---|---|---|---|
| ૧. | વિદ્યાર્થીઓમાં તેમના ભાવિ જીવનના ધ્યેયોની અચોક્કસતા— | ☐ | ☐ | ☐ |
| ૨. | સમાજમાં ચાલતું અનૈતિક આચરણ | ☐ | ☐ | ☐ |
| ૩. | કુટુંબની નબળી આર્થિક પરિસ્થિતિને કારણે વિદ્યાર્થી આલમ પર વધતો જતો જવાબદારીનો બોજો | ☐ | ☐ | ☐ |
| ૪ | શિક્ષણની સુવિધાઓની અપૂરતી સગવડ | ☐ | ☐ | ☐ |
| ૫. | રાજકીય વ્યક્તિઓમાં સદ્‌ગુણો તેમજ દેશદાઝનો અભાવ | ☐ | ☐ | ☐ |
| ૬. | પોતાની શક્તિઓ, રસ અને અભિરુચિઓ વિષેનું વિદ્યાર્થીઓનું અજ્ઞાન | ☐ | ☐ | ☐ |
| ૭. | વડીલોના સહકાર, સુમેળ અને લાગણીનો અભાવ | ☐ | ☐ | ☐ |
| ૮. | અભ્યાસ કે ઇતર પ્રવૃત્તિઓમાં અનુભવાતી નાણાંકીય મુશ્કેલી | ☐ | ☐ | ☐ |
| ૯. | શિક્ષણ સંસ્થાઓમાં જોવામાં આવતું અનૈતિક આચરણ | ☐ | ☐ | ☐ |
| ૧૦. | રાજકીય પક્ષોમાં સત્તામાટે ચાલતી ગેરરીતિઓ | ☐ | ☐ | ☐ |
| ૧૧. | યોગ્ય માર્ગદર્શનના અભાવે વિદ્યાર્થીઓની શક્તિ અને સમયનો દુર્વ્યય | ☐ | ☐ | ☐ |
| ૧૨. | સમાજમાં વ્યાપી રહેલી જડતા | ☐ | ☐ | ☐ |
| ૧૩. | આર્થિક રીતે પગભર થવા માટેની યોગ્ય તકોનો અભાવ | ☐ | ☐ | ☐ |
| ૧૪. | બુદ્ધિશાળી અને ચારિત્ર્યશીલ શિક્ષકોનો અભાવ | ☐ | ☐ | ☐ |
| ૧૫. | કેળવણીના ક્ષેત્રમાં વિદ્યાર્થીઓના પ્રશ્નોમાં ચાલતી રાજકીય દખલગીરી | ☐ | ☐ | ☐ |
| ૧૬. | વિદ્યાર્થીઓના હક્કો અને પ્રશ્નો પરત્વે દુર્લક્ષ | ☐ | ☐ | ☐ |
| ૧૭. | ચલચિત્રો (સીનેમા) તથા અશ્લિલ સાહિત્યની અસર | ☐ | ☐ | ☐ |
| ૧૮. | આર્થિક બાબતો પરત્વેના સરકારના જડ કાયદાઓ | ☐ | ☐ | ☐ |
| ૧૯. | અભ્યાસક્રમમાં ચારિત્ર અને વ્યક્તિત્વના વિકાસ માટેની તકોની ઉણપ | ☐ | ☐ | ☐ |
| ૨૦. | રાજકીય સ્વાર્થ માટે વિદ્યાર્થીઓનો થતો દુરુપયોગ | ☐ | ☐ | ☐ |

# વિભાગ–૧૫

**સૂચના :—**

નીચે કેટલાક મૂલ્યોની **બે** (૨) યાદીઓ આપી છે. (યાદી **ક** અને યાદી **ખ**) પહેલાં **યાદી** **ક**માં આપેલા બધાજ શબ્દો વાંચો. તમારા **અનુભવ** પરથી, વિચાર કરતાં તમને લાગશે કે આમાંના કેટલાંક મૂલ્યો જિંદગીમાં ખૂબજ મહત્ત્વનાં છે. જ્યારે કેટલાંકનું મહત્ત્વ ઓછું છે. તમારે આ મૂલ્યોને (શબ્દોને) **તમારે મન તેની મહત્ત્વતા પ્રમાણે અનુક્રમે ૧ થી ૧૦ સુધી નંબર આપવાનાં છે.** જે મૂલ્યનું (શબ્દનું) મહત્ત્વ તમારે મન સૌથી વધુમાં વધુ હોય તેને **૧** નંબર આપો. એનાથી ઓછા મહત્ત્વનાં મૂલ્યને ૨ નંબર આપો. આજ પ્રમાણે બધા જ મૂલ્યોને તેની મહત્ત્વતા પ્રમાણે ૧૦ સુધી નંબર આપો. (નંબર સામેના ખાનામાં લખો.)

ત્યારબાદ **યાદી** **ખ**માં આપેલાં બધાંજ મૂલ્યોને (શબ્દોને) ઉપર જણાવ્યા પ્રમાણે તેની મહત્ત્વતા પ્રમાણે અનુક્રમે ૧ થી ૧૦ નંબર આપો.

| **યાદી ક** | નંબર અહીં લખો | **યાદી ખ** | નંબર અહીં લખો |
|---|---|---|---|
| સર્જનશક્તિ ... ... | ☐ | સ્વયંપ્રેરણા ... ... .. | ☐ |
| કીર્તિ ... ... ... | ☐ | માન ... ... ... | ☐ |
| સ્વતંત્રતા ... ... ... | ☐ | શિસ્ત ... ... ... | ☐ |
| સુમેળ ... ... ... | ☐ | ન્યાય ... ... ... | ☐ |
| પ્રેમ ... ... ... | ☐ | ભક્તિ ... ... ... | ☐ |
| સત્તા ... ... ... | ☐ | નિશ્ચય ... ... ... | ☐ |
| શોધખોળ ... ... ... | ☐ | સાહસ ... ... ... | ☐ |
| સેવા ... ... ... | ☐ | ત્યાગ ... ... ... | ☐ |
| સત્ય ... ... ... | ☐ | નિખાલસતા ... ... | ☐ |
| સહનશીલતા ... ... | ☐ | વિનોદવૃત્તિ ... ... ... | ☐ |

## વિભાગ–૧૬

**સૂચના :—**

નીચે કેટલાંક શબ્દો આપ્યા છે. એમાંથી જે કોઈ **શબ્દનો અર્થ તમને પૂરેપૂરો ખબર હોય** અને એ શબ્દ શાને માટે વાપરવામાં આવે છે, એની તમને ખબર હોય તો એ શબ્દની સામે ખરાનું (√) ચિન્હ કરો. જે કોઈ શબ્દ ફક્ત સાંભળ્યો જ હોય પરંતુ એનો અર્થ ખબર ન હોય તેવા શબ્દ સામે ચિન્હ કરશો નહીં, પરંતુ જો શબ્દનો અર્થ ખબર હોય તો જરા પણ શરમ કે સંકોચ રાખ્યા વગર ચિન્હ કરો કેમકે તમારા જવાબો **ખાનગી** રાખવામાં આવશે.

| | | અહીં ચિન્હ કરો | | | અહીં ચિન્હ કરો |
|---|---|---|---|---|---|
| ૧. | બાળકનું ઉત્પત્તિ સ્થાન | ☐ | ૧૧. | હસ્તદોષ | ☐ |
| ૨. | માસિક અટકાવ | ☐ | ૧૨. | સ્તન | ☐ |
| ૩. | ગુપ્ત રોગ | ☐ | ૧૩. | સંતતિ નિરોધક સાધનો | ☐ |
| ૪. | પ્રસૂતિ | ☐ | ૧૪. | વીર્ય | ☐ |
| ૫. | અંડકોષ | ☐ | ૧૫. | ચુંબન | ☐ |
| ૬. | સ્વપ્નદોષ | ☐ | ૧૬. | ગર્ભાશય | ☐ |
| ૭. | કુટુંબનિયોજન | ☐ | ૧૭. | યોનિમાર્ગ | ☐ |
| ૮. | સંભોગ | ☐ | ૧૮. | ગર્ભપાત | ☐ |
| ૯. | આંકડી | ☐ | ૧૯. | જાતીયવૃત્તિ | ☐ |
| ૧૦. | વેશ્યાવૃત્તિ | ☐ | ૨૦. | સૃષ્ટિ વિરુદ્ધનું કાર્ય | ☐ |

**સૂચના :—**

**ઉપર** જણાવેલા શબ્દોનો અર્થ કે આવી બાબતનું જ્ઞાન તમને ક્યાંથી મળ્યું તે અહીં જણાવવાનું છે. કેટલીક વ્યક્તિઓ તથા સાધનોનાં નામ નીચે જણાવ્યાં છે. આમાંથી જે કોઇ **વ્યકિતઓ કે સાધનો દ્વારા આવું જ્ઞાન તમને મળ્યું હોય** (અર્થ જાણ્યો હોય) કે હાલમાં મળતું હોય એની સામે ખરાનું (√) ચિન્હકરી જણાવો. તમે **એકથી વધુ** વ્યકિત કે સાધન સામે ચિન્હ કરી શકો છો.

| | | અહીં ચિન્હ કરો | | | અહીં ચિન્હ કરો |
|---|---|---|---|---|---|
| ૧. | માતા પાસેથી | ☐ | ૬. | મિત્ર પાસેથી | ☐ |
| ૨ | પિતા પાસેથી | ☐ | ૭. | પુસ્તક, સામાયિક કે પેપરનાં વાંચન દ્વારા | ☐ |
| ૩ | ભાઈ કે બહેન પાસેથી | ☐ | ૮. | નિરીક્ષણ દ્વારા (જોવાથી) | ☐ |
| ૪. | ડૉકટર પાસેથી | ☐ | ૯. | અનુભવ દ્વારા | ☐ |
| ૫ | શિક્ષક પાસેથી | ☐ | ૧૦. | સિનેમા કે રેડિયો દ્વારા | ☐ |

# વિભાગ–૧૭

**સૂચના :—**

ભવિષ્યનાં તમારા વ્યવસાય, નોકરી કે ધંધા વિષે તમે નક્કી કર્યું હશે કે વિચાર કર્યો હશે. અહીં તમારે ભાવિ વ્યવસાય માટેની તમારી પસંદગી જણાવવાની છે. તમારી પસંદગીના કે તમને ખૂબજ ગમતા ત્રણ **વ્યવસાયનાં નામ તમારી પસંદગીના ક્રમમાં લખો.** તમને ખૂબજ ગમતા વ્યવસાયને "પહેલી પસંદગી"ના ખાનામાં લખો. એનાથી ઓછા ગમતા વ્યવસાયને "બીજી પસંદગી"ના ખાનામાં લખો. અને એનાથી ઓછા ગમતા વ્યવસાયને "ત્રીજી પસંદગી"ના ખાનામાં લખો. ત્યાર બાદ દરેક વ્યવસાયની પસંદગી માટેના કે ગમવાના કોઈ પણ **ત્રણ કારણો** જણાવો. ટૂંકમાં ભવિષ્યમાં તમો શું થવા માંગો છો તે જણાવો અને એને માટેના કારણો જણાવો..

| પસંદગીનો **નંબર** | પસંદગીના વ્યવસાયનું **નામ** | વ્યવસાયની પસંદગીના **કારણો** |
|---|---|---|
| | | (૧) |
| પહેલી પસંદગી | (૧) | (૨) |
| | | (૩) |
| | | (૧) |
| બીજી પસંદગી | (૨) | (૨) |
| | | (૩) |
| | | (૧) |
| ત્રીજી પસંદગી | (૩) | (૨) |
| | | (૩) |

## આપનો આભાર

# સમાપ્ત

આર. ચોકસી એન્ડ કો. વડોદરા.